





મુસ્લિમોને નારાજ કરાય નહીં, લોકશાહી છે!
દલિતોનું દિલ દુભાવાય નહીં, લોકશાહી છે!
આ લોકશાહીમાં વિચાર અભિવ્યક્તિ છે બાનમાં -
નાંદી હોય કે હસન પૂરો જેલમાં લોકશાહી છે!
(આ કેવી લોકશાહી?!)

ચોરી ને લૂંટ!
અકસ્માતો તો હવે -
રોજનું થયું!?
(સુરક્ષિત ગુજરાત)

'વડાપ્રધાન'
પદની ખેંચતાણે -
તૂટશે પક્ષ!
(જૂથો જાહેર)




## ચિંતન

**ત્યજન્તિ મિત્રાણી ધનૈર્વિહીનં પુત્રાશ્ચ ધારાશ્ચ સહ્રદજ્જનાશ્ચ ।**
**તમર્થવન્ત પુનરાશ્રયન્તિ હર્થો હિ લોકે પુરૂષસ્ય બંધુઃ ॥**

'મિત્રો, પુત્રો, સ્ત્રીઓ અને કુટુંબીજનો ધનથી રહિત થઇ જનાર માણસનો ત્યાગ કરે છે, પરંતુ એ જ નિર્ધન થઇ જનાર વ્યક્તિ પાસે ફરી પાછું જ્યારે ધન આવે છે ત્યારે એ બધાં જ સ્વજનો એ જ વ્યક્તિને ફરીથી આશ્રય લે છે, પાછાં (હસતાં હસતાં) આવે છે, ખરેખર આ સંસારમાં ધન એ જ માણસનો સાચો સંબંધી-બંધુજન છે!'

સંસાર-વ્યવહારમાં દરેક સંબંધો-પ્રેમ વાત્સલ્ય-હુંફ-માન-પાન અકરામ બધું જ આર્થિક પરિસ્થિતિ સાથે જ સંબંધિત છે. ભાઇઓનો પરિવાર હોય, એમાં એક-બે ભાઇ અભ્યાસ કે સાહસને પરિણામે - કે ઉંધ-ચત્તુ કરી ધનવાન થઇ ગયા હોય, નીતિ હોય કે ન હોય, સંસ્કાર-વિનય-નમ્રતા હોય કે ન હોય પણ એને ત્યાં જો કોઇ પ્રસંગ હોય, ઉત્સવ હોય તો સંગા-સંબંધી અચૂક ઉત્સાહપૂર્વક હાજરી આપશે અને સામાન્ય પરિસ્થિતિવાળા ભાઇને ત્યાં જવા-આવવામાં અનેક બહાનાં વિક્ષેપ, કારણો તેમને અટકાવે છે..

જીવનમાં, સંબંધોમાં-વ્યવહારમાં આજે 'પૈસા' થી જ સંબંધો સચવાય છે, નમ્ર-વિવેકી-સંસ્કારી વિશાળ હ્રદય જોવાતાં નથી, પૈસા જોવાય છે.

## સુવિચાર

- આદર્શ, આદર્શ જ રહે છે, 'યથાર્થ' અને 'વ્યવહારૂં' થવાના નામે એમાં છૂટછાંટ લઇ શકાય નહીં **- પ્રેમચંદજી**
- એક વખત સ્વીકારેલા આદર્શને કોઇ પણ ભોગે વળગી રહેવું. એમાં આફ્તો આવે તો તેનો સામનો કરવો-ડગવું નહીં **- પ્રેમાનંદ**
- માનવજાતને દિવ્યતા માટે જાગૃત કરવી એ જ મારા જીવનનો આદર્શ છે- **વિવેકાનંદ**
- એક ઉત્કૃષ્ટ આદર્શ માટે જીવન પણ સમર્પિત થઇ જાય એમાં વાંદો નથી **- એસ. ભટાચાર્ય**
- આદર્શ વિહોણું જીવન એટલે મૃત્યુ **- ચંદ્રકાન્ત બક્ષી**
- જીવનની કળામાં પૂર્ણતા પ્રાપ્ત કરવી એ જ સૌનો આદર્શ હોવો જોઇએ- **રિચાર્ડ બાક**
- વિશ્વમાં લોકશાહીની સ્થાપના અને મુક્ત સમાજની પ્રાણપ્રતિષ્ઠા થાય એ જ મારા જીવનનો આદર્શ છે **- નેલ્સન મંડેલા**

## બોધ કથા

આપણને તક મળે, મોકો મળે મંચ મળે કે માઇક મળે ત્યારે આપણે જે કંઇ જાણીએ છીએ, જે કંઇ છીએ તે બતાવવા જીભ હૈયું, નચોવી-નચોવી, બોલી નાખવા-કહી નાખવા પ્રયત્નશીલ હોઇએ છીએ, દરેકને 'હું શું છું', 'મારી પાસે શું છે?' સત્તા-આવડત-કળા-બુધ્ધિ બતાવી દેવાની પેરવીમાં જ રહેતા હોઇએ છીએ આવા માણસ પોતાની જાતને 'ભરેલા' જ સમજતા હોય છે, ખરેખર તો અધ્યાત્મ પંત પર 'ખાલી' માણસ, હૃદયથી ખાલી હોય, અહંમ્થી ખાલી હોય જ્ઞાનથી ખાલી હોય, જ્ઞાનથી ખાલી હોય તેને જ ઇશ્વરીય જ્ઞાન પ્રાપ્ત થાય છે.

એક જ્ઞાન અને વિદ્વતાથી ભરપૂર મુમુક્ષુ રમણ મહર્ષિ પાસે આવ્યા, ધાર્મિક ગ્રંથો, વેદ-ઉપનિષદો અને પોતાને જે મુખપાઠ હતું તે બોલી ગયા. પછી કહ્યું, 'આના ઉપરાંત પણ મારે તમારી પાસેથી ઘણું શીખવું છે!'

રમણ મહર્ષિએ કહ્યું, 'મહાશય! તો તો તમે તદ્દન ખોટી જગ્યાએ જ આવ્યા છો, હું તો શીખેલું પણ ભૂલાવી દેવાનું કામ કરૂં છું.'

# કલ્પનાતીત કામગીરી કરનાર, દેશ અને દુનિયાની શાન તથા આવનારી પેઢીની ઊંચી પ્રેરણાના પ્રતિક રૂપ; વીરગતિને પામનાર એવી દેશની ગૌરવવંતી દિકરી, કલ્પના ચાવલાને સો... સો... સલામ!

## ● "જીવન ઝરમર સેતુ" ખર્યો અંતરિક્ષનો સિતારો!

**મૂળજીભાઇ પરમાર 'દધિ'**

આજે ૨જી ફેબ્રુઆરી, ૨૦૧૩ એટલે કે ભારતની જ નહીં, પરંતુ એશિયાની સાહસિક અને તેજસ્વી કારકિર્દી ધરાવતી, પ્રથમ મહિલા અતંરિક્ષયાત્રી કલ્પના ચાલવાના ૧૧ના વીરગતિ - વિરાંગના દિનનું ગમગીની અને શોકભર્યું ડૂસકાં લેતું સવાર!

"કૉલમ્બિયા સ્પેશ શટલ" તા.૧-૨-૨૦૦૩ના રોજ સવારે ૮ : ૫૯ વાગે (ભારતમાં ૨જી ફેબ્રુઆરીની સાંજે) ફલોરિડાના કેનેડી સ્પેશ સેન્ટરમાં ઉતરવાની તૈયારીમાં હતું, પરંતુ કમભાગ્યે એકાએક તેનો 'નાસા' સાથેનો સંપર્ક તૂટી ગયો અને તેનાં યંત્રો ખોરવાતાં, ૨,૦૭૧, ૩૫ ફૂટ ઊંચેથી "કૉલમ્બિયા" વિખરાઈ ગયો, જેમાં ભારતીય કલ્પના ચાવલા અને તે છ અવકાશયાત્રી મિત્રોનું અકાળે અવસાન થયું અને દેશ અને દુનિયાનું ભાવિનું એક સોનેરી સમણું ધૂળમાં રોળાઈ ગયું!

આજકાલ "બ્રહ્માંડ" શબ્દ એક સામાન્ય પરિચિત બની ગયો છે. બ્રહ્માંડમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ, ઉપગ્રહ, તારાના પરિભ્રમણની જાણકારી આપનારા અંતરિક્ષ યાત્રીઓ - આકાશી મરજીવાઓને આભારી છે. જેમાં સૌથી પ્રથમ ચંદ્ર ઉપર પુનિત પગલું પાડીને, ચંદ્ર ઉપરનાં ગુરૂત્વાકર્ષણની માહિતી આપનાર "નીલ આર્મસ્ટ્રોંગ"નું નામ મોખરે છે. બીજા રાકેશ શર્મા, સુનિતા વિલિયમ્સ, કલ્પના ચાલવાનાં નામો પણ અંતરિક્ષ વિજ્ઞાનક્ષેત્રે ગૂજતાં રહેશે.

હરિયાણા રાજયના કરનાર ગામે સાહસિક પુરૂષાર્થી અને દીર્ઘદષ્ટિવાળા પિતા બનારસલાલનાં આંગણે અને જમાનાનાં મૂલ્યોને આત્મસાત કરનાર પ્રેમાળ માતા સંજ્યોતિ દેવીના કૂખે ૧લી જુલાઈના રોજ કલ્પના નું અવતરણ થયું. સુનીતા અને દીપા તથા મોટાભાઈ સંજયની લાડલી બેન કલ્પનાએ "ટાગોર બાલનિકેતન" માં અભ્યાસ શરૂ કર્યો. કલ્પના નાનપણથી જ હંમેશાં આકાશ અને તારાઓનાં રંગ અને રેખાઓ દ્વારા પકડવા કોશીશ કરતી. કરનાલ ગામ ભારતની ફલાઈંગ કલબનું એક કેન્દ્ર હોવાથી, ઘરઆંગણે નાનાં વિમાનો જોઈ, અગિયારમાં ધોરણથી જ કલ્પનાએ "એરોસ્પેસ" ક્ષેત્રે કંઈક કરવાની કલ્પના કરીને, મનમાં મજબૂત ગાંઠ વાળી. હાઈસ્કૂલના શિક્ષણ બાદ ચંડીગઢમાં ઍરોનોટિકલ ઍન્જિનીયરીંગની ડીગ્રી ૧૯૮૨માં મેળવી. નવું કંઈક કરવાની અને શીખવાની ઉત્કટ ઝંખનાને કારણે તેને નોકરી અને લગ્ન અંગે વિચારવાને બદલે પુસ્તકાલય, હોસ્ટેલ અને પ્રયોગશાળાને ઘર બનાવી, અવકાશ ઉડ્ડયનનો ગહન અભ્યાસ શરૂ કર્યો. ઈજનેરી સ્નાયક બનીને ૧૯૮૨માં **U.S.** યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો. ૧૯૮૩માં જીન પિયર હેરિસન સાથે લગ્ન કર્યાં અને ૧૯૮૪માં **M.S.**, ડીગ્રી ઈન એરોસ્પેસ એન્જિનીયરીંગ આરલિંગટન મેળવી. ટેકસાસથી બંને પતિ-પત્ની કોલોરાડો આવ્યાં. અશક્યને શક્ય કરવાની તેજશક્તિ, ધીરજ અને અદ્ભૂત કુનેહને કારણે ફલાઈંગ કલબમાં સભ્ય બની. મિકેનિકલ એન્જિનીયરીંગમ્ ૧૯૮૮માં પીએચડી કર્યું.

અમેરિકાની **NASA** માં અવકાશ - સંશોધન ક્ષેત્રે પદાર્પણ કર્યું. અને નાસાએ ૨૯૬૨ અરજીઓમાંથી ૧૨૨ને રૂબરૂ બોલાવ્યા - જેમાં કલ્પના સફળ થઈ. ફલુઈડ ડાયનેમિક્સ ક્ષેત્રે સંશોધન શરૂ કરીને, તજજ્ઞતા પ્રાપ્ત કરી. ૧૯૯૩માં કેલિફોર્નિયામાં સંશોધન ક્ષેત્રમાં વાઈસ ચેરમેનપદે નિયુક્તિ પામી અને સ્પેશ મિશનમાં "સિમ્યુલેશન્સ" ક્ષેત્રે નામનાં કાઢી. ૧૯૯૪માં કલ્પના ચાવલાની 'નાસા' એ અવકાશયાત્રી તરીકે પસંદગી કરતાં, ૧૯૯૫માં અવકાશયાત્રીઓનાં ૧૫માં જૂથમાં ઓગણીસ સભ્યોનાં જૂથમાં પસંદગી પામી. જેમાં અંતરીક્ષમાં ધાતુઓ, સ્ફટિક, ગુરૂત્વાકર્ષણ બળ વગેરેનું સંશોધન કરવાનું હતું. ૧૦.૪ મિલીયન કિ.મીટરની સફર નક્કી કરવામાં આવી અને પ્રથમ સ્પેશ મિશન, ૧૯મી નવેમ્બર ૧૯૯૭ ના દિવસે શરૂ થયું. આ પ્રથમ અવકાશયાત્રામાં ૧૬ દિવસમાં ૪૦૦ કલાક અવકાશમાં રહીને ૬.૫ મિલીયન માઈલનું અંતર કાપી, બસો બાવન વખત પૃથ્વીની પ્રદક્ષિણા કરી. આ સિધ્ધિને વરનાર, તે ભારતની જ નહીં. પરંતુ એશિયાની પ્રથમ મહિલા હતી, અને રાકેશ શર્મા પછી બીજી ભારતીય નાગરિક હતી. તેણે કહ્યું હતું કે : "સારૂંય બ્રહ્માંડ મારૂં ઘર છે."

સને ૨૦૦૦ માં બીજી વખત સ્પેશમાં જવા માટે તેની પસંદગી થઈ. ૧૬મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજ સાથીઓ સાથે બીજીવાર અવકાશયાત્રાની તક મળી જેમાં ૮૦ જેટલાં વૈજ્ઞાનિક પ્રયોગોમાં, અંતરિક્ષમાં માનવ શરીર, પાચનતંત્ર અને અંતઃસ્ત્રાવો ઉપર થતી ગુરૂત્વાકર્ષણની અસરોનો અભ્યાસ કરવાનો હતો.

સોળ દિવસની અવકાશયાત્રામાં કલ્પના ચાવલા અને એક ઈઝરાઈલી અને પાંચ અમેરિકન અવકાશયાત્રીઓએ પ્રયોગો કર્યા.

તા. ૧-૨-૨૦૦૩ના રોજ સવારે (ભારતમાં બીજી ફેબ્રુઆરી સાંજે) કોલમ્બિયા સ્પેશ સઠલ ફલોરિડાના કેનેડી સ્પેશ સેન્ટરની ઉપર ઉતરવાની તૈયારી કરી રહ્યું હતું પરંતુ યાંત્રિક ખામીને કારણે તૂટી પડતાં સાતેય અવકાશયાત્રીઓ મૃત્યુને ભેટ્યા. આખા વિશ્વે આઘાત અનુભવ્યો. કલ્પના ભારતમાં પરત ન આવી શકી; પરંતુ તે આપણા માટે એક કલ્પના બનીને રહી ગઈ! કરનાલથી બ્રહ્માંડ સુધીની કલ્પનાતીત યાત્રા માટે કલ્પના આપણા સ્મરણમાં સદાય છવાયેલી રહેશે અને બીજી ફેબ્રુઆરીને "આકાશ દિન" તરીકે ઉજવીને ભારત ગૌરવશાળી કલ્પનાને કાયમ યાદ કરશે. ભાવિ પેઢી માટે ખાસ કરીને દિકરીઓ માટે તે એક ઉમદા ઉદાહરણ મુકતી ગઈ કે છોકરીઓ ઈચ્છે તો દુનિયાને પોતાની મુઠ્ઠીમાં રાખી શકે છે. આમ કલ્પના ચાવલા ભારત દેશનું ગૌરવ અને દુનિયાભરની શાન બાન બની ગઈ!

કલ્પના ચાવલાને "નાસા સ્પેસ ફલાઈટ મેડલ", 'નાસા ડિસટિંગ્વીઈસ્ટ સર્વિસ મેડલ' જેવા બહુવિધ એવોર્ડથી નવાજવામાં આવી હતી. તેના મૃત્યુ બાદ ૫મી ફેબ્રુઆરી ૨૦૦૩ના દિવસે અંતરિક્ષ મોકલનાર ઉપગ્રહ **"MESTSAT"** ની જગ્યાએ **"KALPANA-1"** નામ આપવામાં આવ્યું હતું.

કલ્પનાતીત કામગીરી કરનાર, દેશ અને દુનિયાની શાન તથા આવનારી પેઢીની ઊંચી પ્રેરણાના પ્રતિકરૂપ; વીરગતિને પામનાર એવી દેશની ગૌરવવંતી દિકરી, કલ્પના ચાવલાને સો... સો... સલામ!

## ● સાહિત્ય સમાચાર સેતુ

### મો યાનને ૨૦૧૨નું સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક

**સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ**
**'શબ્દ સેતુ'**
**સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'**

શ્રધ્ધા, જ્ઞાન અને ચારિત્રમાં જન્મેલું ચીની સાહિત્ય જોમવાળું હોવાને લીધે વધુ અસરકારક બને છે. સામાજિક પ્રણાલિકાઓ બદલાય તે પહેલાં તેમનાં આ પરિવર્તનનો પાયો સાહિત્યકાર જ તૈયાર કરે છે.

મો યાન ચીનના ચૌથી પ્રથમ નોબેલ પારિતોષિક વિજેતા છે. ક્રમ પ્રમાણે ૧૦૯માં છે. મો યાન... એ તખલ્લુસ છે. એમનું નામ ગુરસન મોટો છે. ફેબ્રુઆરી ૧૯૫૫માં ગેરેકોમી જિલ્લાના શેંગડોંગમાં જન્મેલા આ લેખકે ઈ.સ. ૧૯૮૧થી એમની સાહિત્ય કૃતિઓનું પ્રકાશન શરૂ કર્યું. તેમની મહત્ત્વપૂર્ણ કૃતિઓમાં (૧) ફોલીંગ રેઈન ઑન અ સ્પ્રીંગ નાઈટી (૨) રેડ સરઘુમ કલેન (૩) ધ ગાર્લિક બેલેડ્ઝ (૪) બીડ બ્રેસ્ટસ એન્ડ વાઈડ હીટ્સ (૫) લાઈફ એન્ડ ડેથ (૬) ચેઈન્જ (૭) ફ્રોગ વાર્તા સંગ્રહ એક્સપ્લોઝન એન્ડ અધર સ્ટોરીઝ વગેરે છે.

નોબેલ પારિતોષિક કમિટીના મંત્રી પીટર ઈંગ્લુન્ડના મંતવ્ય પ્રમાણે મો યાનનું 'ધ ગાર્લિક બેલેડ્ઝ' સુંદર કૃતિ છે. તેમાં ચીનનું ગામડું એ ભારતનાં ગામડાની જેમ હજારો વર્ષે પુરાણું છે. સામ્યવાદના વિચારોથી ત્યાંનું વાતાવરણ યુવાનોને ગૂંગળાવી મૂકે છે. ખેડૂતને એક જ પ્રકારના પાક તૈયાર કરવાની ફરજ પાડવામાં આવે છે. તેને લીધે તેઓ હતાશાનાં ખપ્પરમાં ખપી જાય છે. કારણ કે દરેક વર્ષે એક જ પ્રકારની માલની ખપત હોતી નથી. આ પ્રકારનાં વાતાવરણમાં માનવ જીવનનાં કેટલાંક સુંદર તત્ત્વોમાં વિનાશનું ઝેર ઘોળાય છે. આજના યુવાન વર્ગને સામ્યવાદના સિધ્ધાંતો વિનાશક લાગે છે. અને ગ્રામ વિસ્તારમાં રહેતા ચીની સમાજને જાણએ કે લૂણો લાગ્યો હોય એમ યુવાન વર્ગને અચૂક લાગ્યા કરે છે. મો યાન તો ફ્રાન્સના નાગરિક તરીકે ચીનના ગ્રામ વિસ્તારનું દૂરથી નિરીક્ષણ કરી રહ્યાં છે. તેમનો ઉછેર ખેડૂત કુટુંબમાં નાનપણમાં ઘંટી ચલાવવાનો, ખેતરમાંથી ફાલ ઉતારવાનો અનુભવ તેમણે ગાંઠે બાંધ્યો છે. માત્ર બારેક વર્ષની ઉંમરે નિશાળ આર્થિક પરિસ્થિતિને સમજીને છોડવી પડી છે. નાનપણથી જ વાંચનની રૂચી કેળવી અને કોન્ફયુસિયસે તૈયાર કરેલા કલાસીકલનો તેમણે અભ્યાસ કર્યો છે.

આજે ચીનની યુવાન પેઢીનો મિજાજ તદ્દન જુદો છે. એમને ફિલસૂફીમાં ઝાઝો રસ નથી. સાહિત્યમાં સિધ્ધાંત ચર્ચા, વિતેડા અને દલીલબાજીથી તેઓ દૂર રહે છે. અને આજે બદલાતા માનવ સંદર્ભ અનુસાર નવી અભિજ્ઞતા ઘડાતી આવે, અવનવાં પ્રશ્નો ઊભા થાય છે, નવો મૂલ્ય બોધ ધીમી ગતિએ દેખાય છે.

આજની ટેકનોલોજીની તેજાબી રફતારને લીધે ચીની સમાજ માટે અનેક સમસ્યાઓ સાથે દોડ રાખવા માટે ચિંતકોને પણ સાબદા રહેવું પડે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# ...વર્ષોથી વિખૂટી પડેલી દિકરી જેમ માને વળગી પડે એમ જ... હું એમને ભેટી પડી, એમને આમ વળગી પડવાની અદમ્ય ઈચ્છા પૂરા પાંત્રીસ વરસે પૂર્ણ થઈ

**ધૂપસળી ધૂણાવે આકાશ**
**(સંસ્મરણ લેખ)**
**- ગિરા પિનાકીન ભટ્ટ**
**પ્રિન્સિપાલ ઉષાબેન ઉપાધ્યાયને મળવું એટલે...**

અભ્યાસ સાથેનો નાતો તૂટ્યે ત્રીસેક વર્ષ પત્યાં. છતાં થોડી ઘણી અભ્યાસી રહી છું. નિયમિતતા નથી જળવાતી. જરૂરી ગૃહકાર્ય પણ થઈ શકતું નથી. સ્કૂલે જવાની આદત છૂટી ગઈ છે ને! વાંચવું, લખવું, વિચારવું એ તો જૂની ટેવો, પણ છાના ખૂણે.

ગુજરાતી શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો. હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. ગામડાની ધુળિયા શાળા છોડી, આવ્યા એક નગરમાં. આસપાસ પથ્થરોનો ઉજાસ... કે અંધકાર? કશું સ્પષ્ટ થતું ન હતું. બધું જ નવું - નવું હતું. મારા પિતાજી માટે એ નવું ન હતું. મારા સ્વર્ગસ્થ દાદા પૂ. તુલસીરામ ઉપાધ્યાય તે વખતનાં (ઈડર સ્ટેટનાં) વેકસીનેટર અધિકારી અને એ હિસાબે મારા પિતાશ્રી પૂ. મહેન્દ્રકુમાર ઉપાધ્યાયે પણ શિક્ષણ સર પ્રતાપ હાઈસ્કૂલ ઈડરમાંથી મેળવેલું. અને ઈડરમાં જ વિસ્ત્રાણ ઈધિકારીની નોકરી મળી, અને એ કારણોસર અમે ઈડર ગયાં. એમને તો એ ભૂમિ જાણીતી, સર પ્રતાપ હાઈસ્કૂલ જાણીતી. પરંતુ એ સર પ્રતાપનો એક ભાગ, સ્ત્રી કેળવણીની સંસ્થા એટલે ઈડરની સી.કે. વિદ્યામંદિર. ધોરણ આઠમાં મેં પ્રવેશ મેળવ્યો. એ હાઈસ્કૂલમાં શિક્ષકો પણ હતા અને શિક્ષિકા બહેનો પણ. આદરણીય શારદાબેન પરીખ, મંજુલાબેન પંજાબી, પન્નાબેન શાહ, કોકીલાબેન અને અન્ય શિક્ષકો પણ... પરંતુ... આ સંસ્થાના પ્રિન્સિપાલની વાત મારે અહીં વહેતી મૂકવી છે.

સી.કે. સરસ્વતી વિદ્યામંદિરના પ્રિન્સિપાલ શ્રીમતી ઉષાબેન ઉપાધ્યાયને મળવું એટલે...? બસ હું એટલેથી અટકી ગઈ તે છેક પાંત્રીસ વરસ સુધી. અભ્યાસ પછી સી.કે. છૂટી, ક્રમશઃ સર્વ નાતો તૂટ્યો. નાતો તૂટ્યો એટલે સૌને મળવાનો. સહુથી અલગ છતાં આકર્ષક વ્યક્તિત્વ ધરાવતો એ ચહેરો જોવા નહીં મળે તેનો ભારોભાર અફસોસ! (આગળ પાછળ કોઈ ઓળખાણ નહીં, ઉપાધ્યાય ખરા, પરંતુ સગપણમાં પણ કંઈ નહીં છતાંય મારા માટે સર્વસ્થ) બાકી મારૂં મન એનું સાક્ષી છે કે પૂ.ઉષાબેનને હું કયારેય ભૂલી નથી. અરે! ભૂલી શકાય જ નહીં એવું એમનું વ્યક્તિત્વ. એવી એમની છાપ. એમની બોલવા - ચાલવાની, બેસવા-ઉઠવાની, કામ કરવાની અને કામ લેવડાવવાની પધ્ધતિ અદ્ભૂત. નિરંતર નિરખ્યા કરીયે તેવું જાજરમાન વ્યક્તિત્વ. પ્રેમ અને વાત્સલ્યની જાણે સાક્ષાત્ મૂર્તિ. છતાં... એવો કડપ વ્યવહાર પણ ખરો. આ લખનારે પ્રિન્સિપાલની ચેમ્બરમાં ટેબલ ઉપર અંગૂઠા પકડ્યા છે હોં. થોડા સમય માટે નહીં, પૂરા ચોવીસ કલાક.

આવાં વંદનીય ઉષાબેન એટલે સહુની નજીક છતાં દૂર. કામ હોય તો પાસે દોડી જવાય તેટલા નજીક. પણ... ખોટી બબાલોથી જોજનો દૂર. ક્ષીર-નીરને સરળતાથી ને સહજતાથી અલગ તારવનારાં.

ખોટી પોલ પળમાં પકડે. એટલે જ તો એમની પાસે જતાં પહેલાં સો ગળણે પાણી ગાળીએ એમ વિચારીને, સમજીને જવું પડે. નિર્મળ અને સદાય હસતાં એ ચહેરાની પાછળ આટલી બધી કડકાઈ પ્રવર્તે એવું માનવા ન આવે...? હાઈસ્કૂલનું સંપૂર્ણ વાતાવરણ મંદિર સમુ પવિત્ર. અને એની પાછળ ભગિરથ પ્રયત્ન કરનારા, એ બાગને નવપલ્લવીત કરનારા ઉષાબેન એટલે પાવક ઝરણું. એમનાં સાનિધ્યમાં આવ્યા પછી અંગત દુઃખો ભૂલી જઈએ. સાંત્વના અને સુખનું સંભારણું લઈ પાછા વળીએ.

૧૯૭૭માં એ વિદ્યાધામ મેં છોડ્યું. તે પછી એટલે કે લગભગ ૩૫ વરસે હું એમની પાસે ગઈ. વચમાં કયારેક એમને મળી જ નહીં. વર્ષો પહેલાનું સ્વપ્નું કે જે મેં રાત-દિવસ જોયું છે તેનો મેં સાક્ષાત્કાર કર્યો, એક મહિના પહેલાં. (આ ડિસેમ્બરમાં) એમની પાસે જઈ પ્રણામ કરી સંમતિ મેળવી કે બેન તમે હું ભેટી શકું? 'હા... હા... બેટા, કેમ નહીં?'

ભૂલી પડેલી વાછરડી ગાયને વળગી પડે, અને વર્ષોથી વિખૂટી પડેલી દિકરી જેમ માને વળગી પડે એમ જ... હું એમને ભેટી પડી. એમને આમ વળગી પડવાની અદમ્ય ઈચ્છા પૂરા પાંત્રીસ વરસે પૂર્ણ થઈ. પરંતુ મારા હૃદયે કયારેય ન અનુભવી હોય તેવી તૃપ્તિ અનુભવી. સી.કે.માં ભણતી હતી ત્યારે પણ એમને આવતાં-જતાં ભેટી પડવાની ઈચ્છા થતી, પણ છે કોઈની મજાલ? આવું તે કહી શકાય જ કેવી રીતે? સખીયોમાં પણ નહીં ને! એમનાં વાત્સલ્ય સભર અને હૈતાળ હૈયાનું અમી મને આજે સ્પર્શી ગયું. એનું વર્ણન કરવાના શબ્દો આ લેખિકા પાસે તો નથી જ.

પ્રેમ, હૂંફ, વાત્સલ્ય એ આનંદની અનુભૂતિ અવર્ણનીય હોય છે. એ સાક્ષાત્કાર પામે તેને જ સમજાય. મારી આંખોયે આદર્શપણાનું એ સ્વપ્ન એ સમયે કંડારી દીધું હતું, એ આદર્શ પ્રિન્સિપાલ, એ આદર્શ સજ્જન તરીકે હરહંમેશને રહેશે. મારા જેવી અગણિત છોકરીઓનાં એ પ્રેરણાદાઈ બન્યાં હશે. કોણ જાણે? કોણ કહે? દિવસમાં એકાદ વાર તો એ ચહેરો આંખો આગળ તરવરે. કેવું મોહક વ્યક્તિત્વ...!

આજના શિક્ષકો, આચાર્યો માટે ઉત્તમ પ્રેરણાદાઈ થઈ પડે તેવું તેમનું વ્યક્તિત્વ, વર્ચસ્વ, વાણી અને વ્યવહાર. શું પહેરવું, કેમ બેસવું, ઉઠવું, કોની પાસે કેટલી અને કેવી રીતે વાતચીત કરવી વગેરે માર્ગદર્શન પ્રાર્થના સમયે એ આપતા. કેવી અને કેટલી બધી સમાનતા અને સજાગતા. નાની વાતને નાની ન સમજે. એમની આંખોમાં બધું નોંધાઈ જાય. અવલોકન શક્તિનાં અજોડ નમૂનો. (મારે પણ ચાર છોકરીઓ સાથે અંગૂઠા પકડવા પડ્યા હતા તે બાબતો મેં યાદ કરી, મારી ભૂલ ન હતી, તે ખુલાસો કર્યો, પરંતુ ભગતે ચર્ચા કરવાની બાકી રાખી છે, પુનઃ મળવા જવા બહાનું તો જોઈશે ને!) આવું જો વાંચે કે સાંભળે તો તરત ખુલાસો માગશે... 'અરે' દિકરા, તારે વળી બહાનું જોઈએ, ને તેય મારે ત્યાં આવવાનું?

એમને મળીને તૃપ્તિ થઈ નથી. બલ્કે વારંવાર મળવાની ઈચ્છા બળવત્તર બની છે. શું આ એકપક્ષીય પ્રેમ હોઈ શકે...? ના, આટલા બધા વરસો પછી પણ મને એ ઓળખી ગયાં. એ મારા માટે ઘણી ગૌરવની અને આનંદની વાત છે. 'અહીં જમીને જા.' જમ્યા વિના જવાનું નથી, આ આદેશનું પાલન કર્યું નથી, પરંતુ... તેમનાં હાથે બનાવેલું મગજ મને ખવરાવ્યું. મારે મન એ પ્રસાદ હતો. એનો સ્વાદ મારી જીભે રમે છે. હવે... અહીં અટકું?

નામરજીની મહોર લગાવવી પડે છે. સમયનું, સ્થળનું બંધન નડે છે. પરંતુ... વળી, વળીને આ મસ્તક એમનાં ચરણોમાં નમે છે.... એમાં બેમત નથી. મારા સંસ્મરણોનો અધૂરો ઉઘાડ ફરી કયારેક.

# શિક્ષણનો હેતુ તો ચારિત્ર્ય નિર્માણ છે, શાળામાં જ જો વિદ્યાર્થી અવળે રસ્તે જાય તે કેવું...

**સંસ્કાર દર્શન**
**- અનંત વ્યાસ**


કેટલીક વખત સામાન્ય કારીગર કે મજૂરી કરનાર પણ શિક્ષણ તથા જ્ઞાન - પ્રામાણિકતા અને ચારિત્ર્ય વિષયક ચોક્કસ વિચારો ધરાવતો હોય છે. તેઓના વિચારો સાંભળીએ તો લાગે કે જગત ભલે ગમે તે કહે... પણ આપણાં લોહીમાં અમુક સંસ્કારો પડેલા જ છે. ભૂજના મારા નિવાસ દરમિયાન એક ધોબી પાસેથી શિક્ષણના હેતુની વાત સાંભળી નવાઇ લાગેલી.

ભૂજના મારા રહેણાંકના નાકા આગળ જ ધોબીની દુકાન હતી. અવારનવાર પસાર થઇએ. તેથી વાતચીતનો જરા સંબંધ બંધાયેલો. તેનો પુત્ર નવમો ધોરણમાં હતો. દિવાળી વેકેશન પુરૂં થયું. શાળાઓ શરૂ થઇ ગઇ પણ તે કિશોર આખો દિવસ દુકાનમાં ઇસ્ત્રી કરતો હોય. એક વખત પૂછ્યું... 'કેમ શાળાએ નથી જતો, તો કહે, બાપુએ ના પાડી છે... હવે ભણવાનું બંધ.'

જરા નવાઇ લાગી. પણ પછી થયું આ ગરીબ માણસો... ફીનો પ્રશ્ન હોય પણ ખરો, તેથી સાંજે તેને મળ્યો ને પૂછવું. દિકરાને શા માટે ઊઠાડી લો છો? બે વરસમાં તો મેટ્રીક થઇ જશે. નોકરી કરશે... હા જો ફીની જરૂર હોય તો કહો...

ધોબી મારી સામે જોઇ રહ્યો. પછી કહે, 'સાહેબ આ દિકરાને ભણાવવા તો અમે રાતદિવસ મજૂરી કરવા તૈયાર છીએ... પણ એ શાળામાં જઇ શું શીખી આવ્યો તે તો પૂછો? કેમ શું થયું છે?'

'લ્યો વાંચો...' ધોબીએ એક કાગળ મને આપ્યો, જોયું તો શાળાનાં આચાર્યનો રીપોર્ટ હતો. છોકરો છે માસિક પરીક્ષામાં ચોરી કરતાં પકડાઇ ગયો છે તેની નોંધ હતી... 'જોયું...' છોકરો શાળાએ જઇ ચોરી કરતાં શીખ્યો... અમને તો એય કે ભણતરથી ડહાપણ આવે. પ્રમાણિકતા આવે. જેમાં ચોરી કરવી પડે તેવું ભણતર ભણાવી શું કરવું છે... અને આમ ચોરી કરે. પાસ થાય ને કયાંક નોકરી કરવા જાય. ત્યાં એ શું કરવાનો? કામચોરી ને અપ્રમાણિકતા...ના. મારે દિકરાને અપ્રમાણિક નથી બનાવવો... મે તો તેને કહ્યું છે. આપણાં ધંધામાં ભલે મજૂરી છે. પણ પ્રમાણિકતા છે. આમાં કયારેય ભૂખ્યાં નહિ રહેવાય... બાકી ગમે ત્યાં જઇશ... પ્રામાણિકતા વિના નહીં ચાલે... જે ભણતર જ્ઞાનને બદલે અજ્ઞાન જ વધારે તે શા માટે લેવું?




ધોબીની વાત સાંભળી મને થયું. વાત તો મહત્વની છે. શિક્ષણનો હેતુ તો ચારિત્ર્ય નિર્માણ છે. શાળામાં જ જો વિદ્યાર્થી અવળે રસ્તે જાય તે કેવું... આવાં શિક્ષણના દોષને બદલે વાતાવરણ તથા સંગદોષ પણ કારણભૂત હોય. આમ છતાં સામાન્ય કામ કરનાર વ્યક્તિને પણ શિક્ષણના હેતુનું જ્ઞાન છે તે જાણવા મળ્યું મેં એ કિશોર સામે જોયું તેની આંખમાં કાલકૂદી ને પસ્તાવો હતા. તેથી તેના પિતાને સમજાવી ફરી આવું નહિ બને તેવું કહી કિશોરને શાળાએ જતો કર્યો. પણ પિતાએ પુત્રને જે જ્ઞાન આપ્યું. તે કાકા કાલેલકરને તેના પિતાએ આપેલ જ્ઞાન જેવું જ હતું... ભણીગણીજો અપ્રમાણિકતા શીખવી હોય છો ભણવાનું બંધ રાખો.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૨જી ફેબ્રુઆરી

● જાતીય વિજ્ઞાનને લગતાં સાત ગ્રંથ પ્રગટ કરનારા સાહિત્ય-કલા ઉપરનાં નિબંધ લેખક હેનરી હેવલોક એલિસનો જન્મદિન - ૨.૨-૧૮૫૯.

● આધુનિક મરાઠી સારસ્વત ડો.શ્રીધર વ્યંકટેશ કેતકરનો જન્મ - ૧૮૮૪. 'આધુનિક ભારતની કેટલીક મુખ્ય સમસ્યાઓ' તેમનું વિશ્લેષણ અનન્ય છે.



● ૧૮૯૨ - રાજપુરૂષ-સેવાપ્રવૃત્તિના પ્રણેતા ઇન્દુલાલ યાજ્ઞિકનો નડિયાદ ખાતે જન્મ.

● ૧૮૫૭ - રશિયન સંગીતકાર ગ્લિંકાનું અવસાન.

● વીસમી સદીના મહાન સ્થાપ્યવિદ્ ફ્રેન્કલાઇટનું અવસાન - ૧૯૫૯.

● ૧૬૬૬ - મોગલ સમ્રાટ શાહજહાંનું અવસાન.



● ૧૯૪૯ - ૧૩ વર્ષની વયે ૧૩૦૦ લીટીનું 'સરોવરની સુંદરી' કાવ્ય લખનાર હિન્દના બુલબુલ 'સરોજીની નાયડુ'નું અવસાન.